# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05.07.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી ઇન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડની મુલાકાતે જશે.

2) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજથી પાંચ દિવસ કતાર, બહેરીન, કુવૈત અને ઓમાનની સત્તાવાર મુલાકાતે.

3) સંસદનું ચોમાસુ સત્ર 20 જુલાઈથી શરૂ થશે અને 13 ઓગસ્ટ સુધી ચાલશે.

4) કેન્દ્ર સરકારે ભાવ સ્થિરતા બફર માટે ડુંગળીના ખરીદ ભાવમાં 13 ટકાનો વધારો કર્યો.

5) પુરુષોની ક્રિકેટમાં પાંચ મેચની T20 આંતરરાષ્ટ્રીય શ્રેણીની બીજી મેચમાં ઇંગ્લેન્ડે ભારતને 4 વિકેટથી હરાવ્યું.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રાબોવો સુબિયાન્ટોના આમંત્રણ પર આવતીકાલે જકાર્તાની મુલાકાતે જવા રવાના થશે. પ્રધાનમંત્રી મોદીની ઇન્ડોનેશિયાની આ ચોથી મુલાકાત છે. મે 2018માં ભારત-ઇન્ડોનેશિયા સંબંધોને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી સુધી પહોંચાડવામાં આવ્યા બાદ આ તેમની પ્રથમ દ્વિપક્ષીય મુલાકાત છે. મુલાકાત દરમિયાન શ્રી મોદી શ્રી પ્રાબોવો સુબિયાન્ટો સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. પ્રધાનમંત્રી જકાર્તામાં ભારતીય સમુદાયને પણ સંબોધિત કરશે.

# ANTHONY ALBANESE - PM VISIT

ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીઝે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગામી ઓસ્ટ્રેલિયા મુલાકાત પહેલા ભારતને એક મહત્વપૂર્ણ આર્થિક ભાગીદાર ગણાવ્યું છે. એક નિવેદનમાં ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી કાર્યાલયે જણાવ્યું હતું કે વિશ્વની ચોથી સૌથી મોટી અને સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા તરીકે ભારત ઓસ્ટ્રેલિયા માટે એક મહત્વપૂર્ણ આર્થિક ભાગીદાર છે.

શ્રી અલ્બેનીઝે જણાવ્યું હતું કે તેમના સંબંધો વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી પર આધારિત છે. તેમણે ઉમેર્યું હતું કે, વેપાર, સંરક્ષણ, સુરક્ષા અને ટેકનોલોજીના ક્ષેત્રોમાં સહયોગ બંને દેશો માટે ફાયદાકારક સાબિત થઈ રહ્યો છે. ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આ ભાગીદારી ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપે છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બંને નેતાઓ મેલબોર્નમાં ઓસ્ટ્રેલિયા-ભારત વાર્ષિક નેતાઓની સંમેલનમાં મળશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી ઇન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના પ્રવાસે જઈ રહ્યા છે.

# PM SEMICONDUCTOR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે ગુજરાતના સાણંદમાં અત્યાધુનિક CG સેમી આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટિંગ સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપથિત રહ્યા હતા.

સભાને સંબોધતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, આ વિકસિત ભારતની ઇલેક્ટ્રોનિક્સ ક્રાંતિનું આગળનું પગલું છે. દેશ પહેલાથી જ વિશ્વનો બીજો સૌથી મોટો મોબાઇલ ફોન ઉત્પાદક બન્યો છે. તેમણે કહ્યું કે સાણંદનું આ કેન્દ્ર સ્થાનિક ચિપ ઉત્પાદન ઇકોસિસ્ટમને મજબૂત બનાવશે, ટેકનોલોજીકલ સ્વનિર્ભરતાને પ્રોત્સાહન આપશે અને વૈશ્વિક સેમિકન્ડક્ટર મૂલ્ય શૃંખલામાં ભારતની સ્થિતિ સુધારશે.

## બાઇટ - PM-MODI---SEMICONDUCTER

પ્રધાનમંત્રીએ કહ્યું કે સાણંદ પ્લાન્ટ દર વર્ષે 20 કરોડ ચિપ્સનું ઉત્પાદન કરશે. તેમણે દર વર્ષે 500 કરોડ ચિપ્સનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક નક્કી કરવા બદલ અભિનંદન આપ્યા. આ પ્રસંગે અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આ વર્ષના અંત સુધીમાં ભારતમાં પાંચ સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત થશે. શ્રી વૈષ્ણવે જણાવ્યું

હતું કે આ પ્લાન્ટમાં ઉત્પાદિત ચિપ્સનો ઉપયોગ કાર, સ્કૂટર અને વિવિધ ઔદ્યોગિક કાર્યોમાં થશે. તેમણે ઉમેર્યું હતું કે આ કેન્દ્રમાં ઉત્પાદિત ચિપ્સ જાપાન, અમેરિકા અને યુરોપમાં નિકાસ કરવામાં આવશે, જેનાથી ભારતીય ટેકનોલોજીને વિશ્વભરમાં માન્યતા મળશે.

આ અગાઉ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના પચપદરામાં એક લાખ પાંચ હજાર કરોડથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. જે રાજ્યમાં માળખાગત સુવિધા, ઉર્જા, પરિવહન અને રોજગાર સર્જનમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. તેમની એક દિવસની મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રીએ જોધપુર હવાઈમથકે નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું. ત્યારબાદ તેમણે બાલોતરા જિલ્લાના પચપદરા ખાતે દેશની સૌથી આધુનિક ગ્રીનફિલ્ડ રિફાઇનરી-કમ-પેટ્રોકેમિકલ પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત કર્યો. શ્રી મોદીએ રિફાઇનરીના અત્યાધુનિક કંટ્રોલ રૂમનું પણ નિરીક્ષણ કર્યું અને ઇજનેરો તકનીકી નિષ્ણાતો સાથે વાતચીત કરી.

## JAISHANKAR - SIX NATION VISIT

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજથી 10 જુલાઈ સુધી કતાર, બહેરીન, કુવૈત અને ઓમાનની સત્તાવાર મુલાકાતે જશે. મુલાકાત દરમિયાન ડૉ. જયશંકર આ દેશોના વિદેશ મંત્રીઓ સહિત અન્ય નેતાઓને મળશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે મુલાકાતનો હેતુ આ દેશો સાથે ભારતના દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવાનો અને પ્રાદેશિક વિકાસ અને પરસ્પર હિતના મુદ્દાઓ પર ચર્ચા કરવાનો છે.

ઓમાન બાદ ડૉ. જયશંકર 13 જુલાઈના રોજ ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના 2028-29 કાર્યકાળ માટે ભારતના અભિયાનની શરૂઆત કરશે. ત્યારબાદ તેઓ 14 અને 15 જુલાઈના રોજ બ્રસેલ્સમાં ત્રીજી ભારત-યુરોપિયન સંઘ વેપાર અને ટેકનોલોજી પરિષદની બેઠકમાં ભાગ લેશે તથા યુરોપિયન સંઘ અને બેલ્જિયમના વિદેશ મંત્રીઓ સાથે વાતચીત કરશે.

# MONSOON SESSION

સંસદનું ચોમાસુ સત્ર 20 જુલાઈથી શરૂ થશે અને 13 ઓગસ્ટ સુધી ચાલશે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 20 જુલાઈથી સંસદનું ચોમાસુ સત્ર બોલાવવાના સરકારના પ્રસ્તાવને મંજૂરી આપી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી રિજિજુએ જણાવ્યું હતું કે આ સત્ર રાષ્ટ્રીય મહત્વના મુદ્દાઓ પર અર્થપૂર્ણ ચર્ચા અને નિર્ણય લેવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# GOVT - ONION PRICE

સરકારે ભાવ સ્થિરીકરણ બફર માટે ડુંગળીના ખરીદ ભાવમાં 13 ટકાનો વધારો કર્યો છે. ડુંગળીનો ભાવ એક હજાર 876 રૂપિયાથી વધીને પ્રતિ ક્વિન્ટલ બે હજાર 125 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થયો છે. ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે જણાવ્યું હતું કે, સુધારેલા ખરીદ ભાવ ડુંગળી ઉત્પાદક ખેડૂતોને વધુ સારું વળતર આપશે અને બફર ખરીદીના પ્રયાસોને વેગ આપશે.

અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ...........

**VC – સકલેન અખતર**

# CRICKET- IND VS ENG

પુરુષોની ક્રિકેટમાં ઇંગ્લેન્ડે ગઈકાલે માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફર્ડ ખાતે પાંચ મેચની T20 આંતરરાષ્ટ્રીય શ્રેણીની બીજી મેચમાં ભારતને 4 વિકેટથી હરાવ્યું.

ભારતે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો, નિર્ધારિત 20 ઓવરમાં 7 વિકેટે 190 રન બનાવ્યા. ઇંગ્લેન્ડે 191 રનના લક્ષ્યાંકનો પીછો કરતાં 19 ઓવરમાં 6 વિકેટે 191 રન બનાવીને મેચ જીતી લીધી. જેકબ બેથેલને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો. બંને દેશો વચ્ચેની ત્રીજી T20 આંતરરાષ્ટ્રીય મેચ મંગળવારે નોટિંગહામના ટ્રેન્ટ બ્રિજ ખાતે રમાશે.

# WOMENS T20 WC

ICC મહિલા T20 ક્રિકેટ વિશ્વકપની ફાઇનલમાં આજે લંડનના લોર્ડ્સ ખાતે ઇંગ્લેન્ડનો મુકાબલો ઓસ્ટ્રેલિયા સામે થશે. બંને ટીમો અપરાજિત રહીને ફાઇનલમાં પહોંચી હતી. ઓસ્ટ્રેલિયાએ સેમિફાઇનલમાં વેસ્ટ ઇન્ડીઝને હરાવ્યું હતું, જ્યારે ઇંગ્લેન્ડે અન્ય સેમિફાઇનલમાં દક્ષિણ આફ્રિકાને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના મોટાભાગના અખબારોમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે સાણંદમાં સેમિકંડ્કટર સુવિધાના ઉદ્ઘાટન અંગેના સમાચાર હેડલાઇનમાં વાંચવા મળી રહ્યા છે.
- દિવ્યભાસ્કરની હેડલાઇન છે – સાણંદમાં બનેલી સેમિકંડક્ટર ચીપની મલેશિયામાં નિકાસ કરાઇ, પીએમ મોદીએ પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું.
- ગુજરાત સમાચાર લખે છે – સાણંદ સિલિકોન ગેટવે – મોદીનું સાકર થતું સપનું